Advanced GCE

**F884QP**

**GUJARATI**

Unit F884: Gujarati Listening, Reading and Writing 2

**Specimen Paper**

Morning/Afternoon

Time: 2 hours 45 minutes

Additional Materials: CD

| | |
|---|---|
| Candidate Name | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Centre Number | | | | | | Candidate Number | | | | | |

**INSTRUCTIONS TO CANDIDATES**

- Write your name, centre number and candidate number in the boxes above.
- Answer **all** the questions.
- Use blue or black ink.
- Read each question carefully and make sure you know what you have to do before starting your answer.
- Do **not** write in the bar code.
- Do **not** write outside the box bordering each page.
- WRITE YOUR ANSWER TO EACH QUESTION IN THE SPACE PROVIDED. ANSWERS WRITTEN ELSEWHERE WILL NOT BE MARKED.

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks for each question is given in brackets [ ] at the end of each question or part of question.
- The total number of marks for this paper is **160**.

**ADVICE TO CANDIDATES**

Read each question carefully and make sure you know what you have to do before starting your answer.

| For Examiner's Use | |
|---|---|
| Section A | |
| Section B | |
| Section C | |
| Total | |

This document consists of **19** printed pages and **3** lined pages.

SP (SLM) T12103 © OCR 2007 [QAN 500/2342/1] OCR is an exempt Charity

**[Turn Over**

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

**Task 1: Listening Comprehension Exercise**

**A SUCCESSFUL ATTEMPT TO REDUCE POLLUTION IN THE VILLAGE OF LAKHAN.**

**Answer the following questions IN ENGLISH.**

**[6 marks]**

**(a)** Why was there a lot of traffic on the road going through the village?

.......................................................................................................................................... **[1]**

**(b)** How was the tranquillity of the village affected by this?

.......................................................................................................................................... **[1]**

**(c)** How was the river polluted?

.......................................................................................................................................... **[1]**

**(d)** How has the government helped in reducing pollution in the village?

.......................................................................................................................................... **[1]**

**(e)** Why are rickshaws smokefree now?

.......................................................................................................................................... **[1]**

**(f)** In addition to being clean, why does the village look very pleasant now?

.......................................................................................................................................... **[1]**

SPECIMEN

**સવાલ ૨: શ્રવણબોધન**

**સૂર્યોદય રેડિયો પર આજનો વિષય - બ્રિટનમાં ભારતીય લોકો માટેના વૃદ્ધાશ્રમો વધી રહ્યા છે એ સારી વાત છે?**

**રાણી ઠક્કરના વિચારો સાંભળીને નીચેના સવાલોના જવાબ ગુજરાતીમાં આપો.**

**[22 marks for Content + 10 marks for Quality of Language]**

(ક) રાણીએ શા માટે સૂર્યોદય રેડિયોને ફોન કર્યો?

........................................................................................................ [1]

(ખ) વૃદ્ધાશ્રમોમાં રહેતા વૃદ્ધોને કઈ ત્રણ સગવડો લગભગ મળતી હોય છે?

..........................................................................................................

..........................................................................................................

........................................................................................................ [3]

(ગ) રાણીના મત પ્રમાણે વૃદ્ધાશ્રમોમાં શું ખૂટતું હોય છે?

..........................................................................................................

........................................................................................................ [2]

(ઘ) વૃદ્ધાશ્રમોમાં રહેતા વડીલોની આંખોના દુખી ભાવો પરથી રાણી શું તારવે છે?

..........................................................................................................

........................................................................................................[2]

(ચ) રાણીનાં સાસુ - સસરા રાણી માટે ઘરનાં કયાં કામો કરી આપે છે? ત્રણ વિગતો આપો.

..........................................................................................................

..........................................................................................................

........................................................................................................ [3]

SPECIMEN

(છ) રાણીને લાગે છે કે તેનાં સાસુ - સસરા બાળકોની સારી સંભાળ રાખે છે. શા માટે?

..........................................................................................

.......................................................................................... [2]

(જ) રાણીનું ઘર શા માટે ભર્યું ભર્યું રહે છે?

..........................................................................................[1]

(ઝ) એને લીધે બાળકોને શું ફાયદો થયો છે?

.......................................................................................... [1]

(ટ) રાણી તેનાં સાસુ પાસેથી શું શીખી છે?

.......................................................................................... [1]

(ઠ) રાણીના પતિને કઈ બાબતે સંતોષ થતો હશે?

.......................................................................................... [1]

(ડ) કયા બે સંજોગોમાં વૃદ્ધોને વૃદ્ધાશ્રમ કે નર્સિંગહોમમાં રાખવાનું રાણીને માન્ય છે?

..........................................................................................

.......................................................................................... [2]

(ઢ) રાણી કઈ કઈ રીતે તેનાં સાસુ - સસરાની સંભાળ રાખતી હશે?

..........................................................................................

..........................................................................................

.......................................................................................... [3]

**Section A Total [38]**

SPECIMEN

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour and 15 minutes*

**In Section B there are 10 marks for Quality of Language (Accuracy).**

**સવાલ ૩ થી ૭**

**તમારા સમાજના સામયિકમાં છાપેલો લેખ "નમનની બેકારી", ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા સવાલોના જવાબ લખો.**

### નમનની બેકારી

૧ નાઈરોબીમાં મોહનભાઈનો કાપડનો મોટો વ્યાપાર હતો. લંડન આવીને તેમણે દુકાન લઈને એ જ ધંધો ફરી જમાવ્યો હતો. તેમની ઈચ્છા હતી કે તેમનો નાનો ભાઈ નમન પણ એમની સાથે ધંધામાં જોડાઈ જાય. નમન ભણવામાં હોશિયાર હતો એટલે આગળ અભ્યાસ કરીને તેને પોતાની મેળે સ્થાયી થવું હતું. યુનિવર્સિટિમાંથી કમ્પ્યુટર વિજ્ઞાનના વિષયમાં ટોચના ગુણ મેળવીને નમન બહાર આવ્યો કે તરત તેને બ્રેકનલ શહેરમાં ખૂબ ઊંચા પગારવાળી નોકરી મળી ગઈ. નોકરીમાં સ્થાયી થયો એટલે તે સાથે જ ભણતી અને સૌને ગમતી નેહા સાથે પરણી ગયો અને બે બાળકોનો પિતા બન્યો. તેણે વોકિંગમાં અદ્યતન સગવડોવાળો વિશાળ બંગલો  ખરીદ્યો, બાળકોને ખાનગી નિશાળમાં દાખલ કર્યાં અને નવી ગાડીઓ ખરીદી. પૂરતી આવકમાં કુટુંબ સંતોષ અને શાંતિથી રહેતું હતું.

૨ અચાનક બ્રિટનમાં મંદીનું મોજું ફરી વળ્યું. નમનની પેઢીને મોટી ખોટ આવતાં તે બંધ પડી. નમનની નોકરી છૂટી ગઈ. પેઢી પાસેથી કંઈ ન મળ્યું. નવી ગાડીઓ વેચી નાખી; બાળકોને સરકારી નિશાળમાં મૂક્યાં; બીજા ખર્ચમાં કાપ મૂક્યો પણ આવડા મોટા મકાનનો ભાર કેમ ઉપડશે? મકાન વેચી નાખવું પડશે? નમન હેબતાઈ ગયો. કેટલી દોડધામ કરી પણ તેને નોકરી મળી નહિ. સ્વપ્નને તૂટી પડતું જોઈ તે નિરાશ થઈ ગયો. તેણે નેહા અને બાળકો સાથે બોલવાનું ઓછું કરી નાખ્યું. નેહાને નમનની ચિંતા થવા લાગી અને તેણે મોટાભાઈને ફોન કર્યો.

૩ નમન ભાઈ-ભાભીને જોઈને રડી પડ્યો. ભાઈએ નમનને હિંમત આપી અને નોકરી ન મળતી હોય તો નાનો સરખો ધંધો કરવા સમજાવ્યો અને એ માટે આર્થિક મદદ આપી. નમને પોતાના બંગલાના એક ખંડમાં ઓફિસ બનાવી કમ્પ્યુટર માટેની સેવાઓ અને સલાહ આપવાનું શરૂ કર્યું. નેહાને બાળકોની નિશાળમાં નોકરી મળી જેમાંથી ખાવાપીવાનો ખર્ચ નીકળી આવતો. નમનની કુશળતા અને મહેનતથી તેનો ધંધો બરાબર જામતો ગયો અને તેણે શહેરમાં ઓફિસ  ખોલી જેમાં અત્યારે સો માણસો નોકરી કરે છે.

૪ પોતોની બેકારીના દિવસોને નમન ભૂલ્યો નથી. બેકાર યુવાનોને પેઢીમાં તાલીમ આપીને તેમને નોકરી મેળવવામાં અથવા પોતાનો ધંધો ખોલવામા તે મદદ કરે છે.

SPECIMEN

સવાલ ૩

ફકરો ૧

સાચા જવાબની બાજુના ખાનામાં ચિહ્ન ( ) મૂકો. [6 marks]

| | | | | |
|---|---|---|---|---|
| (ક) | નાઈરોબીમાં મોહનભાઈ | ક | રાશનનો વ્યાપાર કરતા | ☐ |
| | | ખ | કાપડનો ધંધો કરતા | ☐ |
| | | ગ | કાપડની દુકાનમાં નોકરી કરતા | ☐ |
| (ખ) | નમનને | ક | ભાઈની દુકાનમાં બેસવું હતું | ☐ |
| | | ખ | આગળ અભ્યાસ કરવો ન હતો | ☐ |
| | | ગ | આગળ ભણવું હતું | ☐ |
| (ગ) | નોકરીમાં નમનને | ક | બહુ સારા પૈસા મળતા | ☐ |
| | | ખ | ઊંચો પગાર ન મળતો | ☐ |
| | | ગ | સાધારણ પગાર મળતો | ☐ |
| (ઘ) | નેહા | ક | સૌને અપ્રિય હતી | ☐ |
| | | ખ | ફક્ત નમનને જ પ્રિય હતી | ☐ |
| | | ગ | બધાંને પ્રિય લાગતી | ☐ |
| (ચ) | નમનના ઘરમાં | ક | આધુનિક સગવડો હતી | ☐ |
| | | ખ | જૂનવાણી સગવડો હતી | ☐ |
| | | ગ | સારી સગવડો ન હતી | ☐ |
| (છ) | ઘરમાં પૂરતાં પૈસા આવવાથી | ક | કટુંબમાં સુખ ન હતું | ☐ |
| | | ખ | બધાં સુખી હતાં | ☐ |
| | | ગ | બધાં પૈસા ઉડાવતાં | ☐ |

SPECIMEN

સવાલ ૪

ફકરો ૧

નીચે શબ્દો આપ્યાં છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો. [9 marks]

(ક) વ્યાપાર .......................... [1]

(ખ) જાતે .......................... [1]

(ગ) ઠરીઠામ .......................... [1]

(ઘ) સૌથી વધારે .......................... [1]

(ચ) લગ્ન કર્યાં .......................... [1]

(છ) સુવિધા .......................... [1]

(જ) મોટો .......................... [1]

(ઝ) કમાણી .......................... [1]

(ટ) પરીવાર .......................... [1]

SPECIMEN

**સવાલ ૫**

**ફકરો ૨**

**નીચે આપેલા લેખનમાં ઉપરના લેખ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[5 marks]**

**બ્રિટનની આર્થિક સ્થિતિ (ક)............. બગડવા લાગી. નમનની પેઢી બંધ થતાંની સાથે નમન પણ (ખ)............. વગર બેકાર બન્યો. પેઢી પાસેથી કંઈ ન મળ્યું. નમને બીજા બધા ખર્ચામાં (ગ)............ મૂકયો. મકાન પણ કદાચ વેચવું પડે એવી એના મનમાં બીક હતી. તેણે ખૂબ (ઘ)......... કર્યા પણ નોકરી મળી નહિ. તે ખૂબ નિરાશ થઈ ગયો. નેહા અને બાળકો સાથે તે ખાસ (ચ)............પણ નહિ. ચિંતામાં નેહાએ મોટાભાઈને ફોન કર્યો.**

SPECIMEN

**સવાલ ૬**

**ફકરો ૨**

**નીચેના વાકયોને ફકરા પ્રમાણે પૂરાં કરો.** **[5 marks]**

**(ક)** **નમનની પેઢી બંધ થઈ કારણ કે** ................................................................ [1]

**(ખ)** **પેઢીએ નમનને કાંઈ** ................................................................ [1]

**(ગ)** **નમન મકાનનો ભાર ઉપાડી શકે** ................................................................ [1]

**(ઘ)** **નમન નિરાશ થઈ ગયો કેમ કે તેનું** ................................................................ [1]

**(ચ)** **નમનની ચિંતા થવાને** ................................................................ [1]

**સવાલ ૭**

**ફકરા ૩ અને ૪**

**નીચે આપેલા સવાલોના પૂરા જવાબ ગુજરાતીમાં લખો.** **[10 marks]**

**(ક)** ભાઈ - ભાભીને જોઈને નમનને કેવો ભાવ થયો?

........................................................................................................ [1]

**(ખ)** મોટાભાઈને નમન માટે લાગણી હતી એમ શાના પરથી કહી શકાય?

........................................................................................................

........................................................................................................

........................................................................................................ [3]

**(ગ)** નમને શા માટે તેના ઘરમાં ધંધો શરૂ કર્યો હશે?

........................................................................................................

........................................................................................................ [2]

**(ઘ)** નેહાની મદદ કેવી રીતે મળી?

........................................................................................................ [1]

**(ચ)** નમનનો ધંધો સારો ચાલે છે એમ શાના પરથી કહી શકાય?

........................................................................................................ [1]

**(છ)** નમન તેના ખરાબ દિવસોને કઈ રીતે યાદ રાખે છે?

........................................................................................................

........................................................................................................ [2]

SPECIMEN

**સવાલ ૮ થી ૧૧**

**નીચે આપેલો લેખ, "ભારતમાં તબીબી સારવાર", ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા સવાલોના જવાબ લખો.**

**"ભારતમાં તબીબી સારવાર"**

૧ આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે કેનિયાના કોઈ ભાઈ બાયપાસ સર્જરી કરાવવા મુંબઈ ગયા કે કોઈ બહેન ઘૂંટણ બદલાવવા બેંગલોર ગયાં. આવું સાંભળીને આપણને નવાઈ ઊપજતી નથી. પણ જ્યારે આપણને કોઈ કહે કે બ્રિટનથી કોઈ વ્યક્તિ આંખના ઓપરેશન માટે અમદવાદ ગઈ ત્યારે આપણને આશ્ચર્ય થાય છે. શક્ય છે કે કેનિયાના સર્જનો પાસે એટલો અનુભવ ન હોય અથવા ત્યાંની હોસ્પિટલોમાં ઉચ્ચ પ્રકારની સગવડો મળતી ન હોય. તે ઉપરાંત ભારત અને કેનિયા વચ્ચે ચિકિત્સા અને સારવારના ખર્ચમાં પણ ખાસ ફેર પડતો ન હોય એટલે કેનિયાના લોકો ભારત જવાનું પસંદ કરે એ સ્વાભાવિક લાગે, પણ ઇંગ્લેન્ડના દર્દીઓ અહીંની, દુનિયામાં શ્રેષ્ઠ ગણાતી નેશનલ હેલ્થની મફત સેવા મૂકીને ભારત શા માટે જતા હશે?

૨ યોગ, આયુર્વેદ, હોમિયોપેથી અને કુદરતી ઉપચારથી શરીર અને મનને સ્વસ્થ કરવા માટે તો ઘણાં વર્ષોથી લોકો ભારતના સ્વાસ્થ્ય કેન્દ્રોમાં જતા આવ્યા છે. પણ એલોપેથી ચિકિત્સા કે શસ્ત્રક્રિયા માટે ભારત જવાનું હમણાનાં વર્ષોમાં જ શરૂ થયું છે.

૩ એનાં ઘણાં કારણો છે. ઇંગ્લેન્ડમાં જે લોકોને કટોકટીમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હોય તેમની ચિકિત્સા કે શસ્ત્રક્રિયા તરત જ કરવામાં આવે છે. બાકીના લોકોનાં નામ મહિનાઓ સુધી 'વેઈટીંગ લીસ્ટ' માં પડ્યાં રહે છે. અહીંની ખાનગી સારવાર તેમને પોષાતી નથી એટલે સહન ન કરી શકાય એવા દુખને ઓછું કરવા તેઓ બીજા દેશોમાં જાય છે.

૪ પણ ભારત શા માટે? એક તો ભારતમાં તબીબી વિજ્ઞાન ખૂબ આગળ વધ્યું છે. ત્યાં નિષ્ણાત અનુભવી ડોક્ટરોની સેવા મળે છે. પશ્ચિમના દેશોમાંથી આવતાં દર્દીઓને ધ્યાનમાં રાખીને ભારતનાં મોટાં શહેરોમાં અદ્યતન સગવડોવાળી અને આરામદાયક હોસ્પિટલો બાંધવામાં આવી છે. હોસ્પિટલના કર્મચારીઓ દર્દીને હવાઈમથકે લેવા આવે છે અને તેની નાનામાં નાની જરૂરિયાતની કાળજી રાખે છે. અંગત સગાં માટે હોસ્પિટલમાં રહેવાની સગવડ મળે છે. ભારતીય લોકોને તો ભારતમાં રહેતાં તેમનાં સગાંસંબંધીઓનો પૂરો સાથ પણ મળે છે. અને એ બધું જ અહીંના કરતાં અડધી કિંમતે અને આપણને જોઈએ ત્યારે. તેથી ઘણા ભારતીય લોકો ભારતપ્રવાસના કાર્યક્રમની યોજનામાં ત્યાંની નામાંકિત હોસ્પિટલોમાં 'મેડિકલ ચેક અપ'ને પણ સામેલ કરે છે.

SPECIMEN

Task 8: Transfer of meaning

Paragraph 1

Transfer into English the meaning of the first three sentences in the first paragraph from 'આપણે ઘણી વાર સાંભળીએ છીએ...' to '... ત્યારે આપણને આશ્ચર્ય થાય છે.'

**Marks are awarded for accurate transfer of meaning and for the quality of your written English.**

**[10 marks]**

SPECIMEN

સવાલ ૯

Paragraph 2 and 3

**નીચે આપેલાં વાકયોને લેખ પ્રમાણે પૂરાં કરવા ખાલી જગ્યામાં શબ્દો અથવા શબ્દ ખંડો મૂકો.**
**[6 marks]**

**(ક)** લોકો ભારતના તંદુરસ્તીના કેન્દ્રોમાં જઈને તન અને મનને ..................... . [1]

**(ખ)** કેટલાક કેન્દ્રોમાં ફક્ત કુદરતી રીતોથી જ .................. આવે છે. [1]

**(ગ)** ઇંગ્લેન્ડમાં જેમને ઓચિંતા જ હોસ્પિટલ લઈ જવા પડ્યા હોય તેમની સારવાર કરવામાં ............................નથી. [1]

**(ઘ)** તાત્કાલિક ન હોય એવી ચિકિત્સા માટે લોકોને ઘણી ......................................... . [1]

**(ચ)** ઇંગલેન્ડમાં .................................... લોકોને બહુ મોંઘી પડે છે. [1]

**(છ)** ખૂબ દુખ થતું હોય ત્યારે લોકો ............................. ચિકિત્સા કરાવવાનું વિચારે છે. [1]

SPECIMEN

સવાલ ૧૦

Paragraph 4

**નીચે આપેલા શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકને તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં સમજાવો.**

**[6 marks]**

**(ક)** તબીબી વિજ્ઞાન

..................................................................................................................

.................................................................................................................. [1]

**(ખ)** નિષ્ણાત અનુભવી ડોક્ટરોની સેવા

..................................................................................................................

.................................................................................................................. [1]

**(ગ)** દર્દીઓને ધ્યાનમાં રાખીને

..................................................................................................................

.................................................................................................................. [1]

**(ઘ)** નાનામાં નાની જરૂરિયાતની કાળજી રાખે

..................................................................................................................

.................................................................................................................. [1]

**(ચ)** સગાંસંબંધીઓનો પૂરો સાથ પણ મળે

..................................................................................................................

.................................................................................................................. [1]

**(છ)** નામાંકિત હોસ્પિટલોમાં

..................................................................................................................

.................................................................................................................. [1]

SPECIMEN

સવાલ ૧૧

Paragraphs 3 and 4

**નીચે આપેલા સવાલોના જવાબ લેખ પ્રમાણે શક્ય હોય ત્યાં સુધી ગુજરાતીમાં તમારા શબ્દોમાં આપો.**

[10 marks]

(ક) ઇંગ્લેન્ડમાં દર્દીઓને કયા સંજોગોમાં તાત્કાલિક સારવાર મળવાની શક્યતા છે?

.................................................................................................................

................................................................................................................. [1]

(ખ) ઇંગ્લેન્ડના દર્દીઓ શા માટે ચિકિત્સા માટે બીજા દેશોમાં જાય છે?

.................................................................................................................

.................................................................................................................

................................................................................................................. [2]

(ગ) બહારના દર્દીઓ ભારતના ડોક્ટરોનો વિશ્વાસ શા માટે કરતા હશે?

.................................................................................................................

.................................................................................................................

................................................................................................................. [2]

(ઘ) ઇંગ્લેન્ડના દર્દીઓને ભારતની હોસ્પિટલો શા માટે પસંદ પડતી હશે ?

.................................................................................................................

.................................................................................................................

................................................................................................................. [2]

SPECIMEN

(ચ) ઇંગ્લેન્ડના ભારતીય દર્દીઓને તેઓ ભારત જાય ત્યારે કયો વધારાનો ફાયદો થાય છે?

............................................................................................................

............................................................................................................ [1]

(છ) સારવાર માટેની ઇંગ્લેન્ડની ખાનગી સેવાને ભારતમાં મળતી સેવાઓ સાથે કેવી રીતે સરખાવી શકાય?

............................................................................................................

............................................................................................................ [1]

(જ) ભારત બહાર રહેતા ઘણા ભારતીય લોકો ભારતના પ્રવાસે જાય ત્યારે પોતાના સ્વાસ્થ્યની કઈ રીતે કાળજી લે છે?

............................................................................................................

............................................................................................................ [1]

**Section B Total [77]**

SPECIMEN

## Section C: Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક પર નિબંધ લખો.**

**ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો અને વધુમાં વધુ ૪૦૦ શબ્દો લખવાની ભલામણ છે.**

**સમાજ**

**ફક્ત સવાલ (૧) અથવા (૨) નો જવાબ આપો.**

**૧) એકતા અને અલગતા**

"હ્યુમન રાઇટ્સ - માનવ અધિકાર? આનો અર્થ એ છે કે આપણે આપણું મનમાન્યું, જ્યારે કરવું હોય ત્યારે કરી શકીએ, એમ જ ને?"

તમે આ મંતવ્ય સાથે કેટલી હદે સહમત થાઓ છો?

**૨) બેકારી : કારણો અને પરિણામ**

**બેકાર લોકોને માટે કામ કરી રહેલી એક ગુજરાતી સંસ્થા (મંડળ) માટે તમે સેવાઓ આપી રહ્યા છો.**

સંસ્થા માટે કામ કરવાની તમારી પ્રેરણા વિશે સમજ આપતો લેખ એક સામયિક માટે લખો અને તેમાં તમને ખૂબ સંતોષ થયો હોય એવી સફળતાની વાત અથવા તમે ખૂબ નિરાશ થયા હો એવી નિષ્ફળતાની વાત લખો.

SPECIMEN

**વિષય ૨ : પર્યાવરણ**

**ફક્ત સવાલ (૩) અથવા (૪) નો જવાબ આપો.**

**૩) વ્યક્તિ અને પર્યાવરણ**

"તમે પર્યાવરણને સહાય કરો છો તે કહેવું તો કેટલું સરળ છે. તેના માટે જરૂરી ત્યાગ કરવાનું વધારે કઠીન છે."

પર્યાવરણને સહાય કરવા વધારે બલિદાનની જરૂર છે એવું તમે માનો છો? કે તમને લાગે છે કે ગુજરાતી લોકો પૂરતું કરી જ રહ્યા છે?

**૪) પ્રદૂષણ : કારણો; પરિણામો; ઉકેલો**

પ્રદૂષણને લીધે બનેલો એક બનાવ તમે તાજેતરમાં ભારતમાં જોયો.

આ બનાવ શા માટે બન્યો, તેની શું અસર થઈ અને ભવિષ્યમાં કેવી રીતે તેને ટાળી શકાય તે સમજાવવા નોંધપોથી લખો.

**વિજ્ઞાન અને યંત્રવિદ્યા**

**ફક્ત સવાલ (૫) અથવા (૬) નો જવાબ આપો.**

**૫) યંત્રવિદ્યાનો વિકાસ**

"યંત્રવિદ્યા કદાચ ભવિષ્યમાં ભારતની મુશ્કેલીઓને ઉકેલી આપશે, પણ અત્યારે તો તે ઘણી મુસીબતો સર્જે પણ છે."

તમે કેટલી હદે આ નિવેદન સાથે સહમત થાઓ છો?

**૬) તબીબી પ્રગતિ**

તમે જાણો છો કે એક ભારતીય પેઢી પ્રાણીઓ પર અખતરા કરીને સંશોધન કરવા એક પ્રયોગશાળા ખોલી રહી છે. તમે તે નવી પ્રયોગશાળાની તરફેણમાં **અથવા** વિરોધમાં કામ કરતા એક કાર્યશીલ મંડળ સાથે કામ કરી રહ્યા છો.

તે મંડળના વેબ-પેઇજ માટે એક લેખ લખો જેમાં તમે તેમાં શા માટે સંડોવાયેલા છો અને તેના સંદર્ભમાં તમે જે પ્રવૃત્તિઓ કરી છે તે વિશે સમજાવો.

SPECIMEN

**સંસ્કૃતિ**

**ફક્ત સવાલ (૭) અથવા (૮) નો  જવાબ આપો.**

**૭) સાહિત્ય અને કળા**

"નાટક જોવા જવું તે ટીવી જોવા કરતાં ઘણી વધારે સારી પ્રવૃત્તિ છે."

આ સાચું છે એમ તમે કેટલે સુધી માનો છો?

**૮) ઈતિહાસ અને વારસો**

તમે એક ભારતીય વારસા યોજના માટે કામ કરી રહ્યા છો. તમે સાંભળ્યું છે કે સ્થાનિક નગરપાલિકા આ યોજના મટે નાણાકિય મદદ આપવાનું બંધ કરવાની છે.

અત્યાર સુધીની સિદ્ધિઓનું મૂલ્યાંકન કરતો લેખ સ્થાનિક નગરપાલિકાને લખો અને આ યોજના માટે ભંડોળ આપવાનું ચાલુ રાખવા માટે સમજાવો.

**Relevance and points of view [10]**

**Structure and Analysis [15]**

**Quality of Language (accuracy) [10]**

**Quality of Language (range) [10]**

**Section C Total [45]**

**Paper Total [160]**

SPECIMEN

SPECIMEN

SPECIMEN

SPECIMEN

SPECIMEN

*Copyright Acknowledgements:*

Permission to reproduce items where third-party owned material protected by copyright is included has been sought and cleared where possible. Every reasonable effort has been made by the publisher (OCR) to trace copyright holders, but if any items requiring clearance have unwittingly been included, the publisher will be pleased to make amends at the earliest opportunity.

OCR is part of the Cambridge Assessment Group. Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2007

OXFORD CAMBRIDGE AND RSA EXAMINATIONS

**Advanced GCE**

# GUJARATI F884

Unit F884: Gujarati Listening, Reading and Writing 2

**Specimen Mark Scheme**

The maximum mark for this paper is 160.

SPECIMEN

This document consists of **13** printed pages and **1** blank page.


© OCR 2007 [QAN 500/2342/1] OCR is an exempt Charity

## Section A: Listening and Writing

### Task 1: A successful attempt to reduce pollution in the village of Lakhan.

**[6 marks]**

| | | |
|---|---|---|
| a | Because it was used as a through road by people from other cities | 1 |
| b | The vehicles were noisy | 1 |
| c | Passengers threw litter in the river | 1 |
| d | It built a road outside the village for through traffic | 1 |
| e | The rickshaws run on electricity (which does not produce smoke) / do not use kerosene as fuel | 1 |
| f | Villagers have grown flowers in their forecourts | 1 |

### Task 2: Rani Thakkar calling Suryoday Radio.

**[22 marks for content and 10 marks for Quality of Language]**

| | | |
|---|---|---|
| ક | તેને આજનો વિષય મહત્ત્વનો લાગે છે | 1 |
| ખ | ગરમ ભોજન<br>સરખે સરખાનો સાથ<br>બહાર જવાની તક | 1<br>1<br>1 |
| ગ | મનપસંદ ખાવાની સ્વતંત્રતા<br>પ્રેમાળ સગાં. | 1<br>1 |
| ઘ | કે તેમને થતું હશે કે તેમના જ દીકરા દીકરીઓએ તેમને કાઢી મૂક્યાં. | 2 |
| ચ | શાકભાજી સમારી આપે છે<br>વાસણ કોરાં કરી આપે છે<br>કપડાં સંકેલી આપે છે | 1<br>1<br>1 |
| છ | તેઓ બાળકોને ભરતીય રીત-રિવાજ શીખવે છે<br>તેઓ બાળકોમાં મહાપુરુષોના ગુણ ઉતારવાનો પ્રયત્ન કરે છે. | 1<br>1 |
| જ | વડીલોને મલવા કોઈ ને કોઈ તેને ઘેર આવતું જ હોય છે. | 1 |
| ઝ | બાળકો બધાં સાથે ભળી જાય છે. | 1 |
| ટ | સરસ રસોઈ અથવા વ્યવહાર સાચવવાનું | 1 |
| ઠ | ઘરમાં જ માતા-પિતાની સંભાળ સંભાળ રાખી શકે છે<br>પુત્ર તરીકેની ફરજ બજાવી શકે છે | 1 |
| ડ | જેનું કોઈ સગું ન હોય તેને<br>જેને તબીબી સારવારની જરૂર હોય તેને. | 1<br>1 |
| ઢ | ગરમ રસોઈ જમાડતી હશે<br>તેમની સાથે સારી રીતે વર્તતી હશે<br>માંદગીમાં તેમની ચાકરી કરતી હશે. | 1<br>1<br>1 |

SPECIMEN

**Grid 1 - Quality of Language (Accuracy): 10 marks**

| GRID C.2 | QUALITY OF LANGUAGE (ACCURACY) 10 marks AO3 |
|---|---|
| **0-2** | Little evidence of grammatical awareness. Persistent, serious and elementary errors (endings, verb forms, gender of common nouns). Frequent first language interference. |
| **3-4** | Evidence of gaps in basic grammar. Frequent errors of an elementary kind (endings, verb forms, gender of common nouns, adjectival agreements) but evidence of correct use of simple sentence structures. Vocabulary and structures may be quite strongly influenced by the candidate's first language. |
| **5-6** | Shows evidence of fair understanding of grammatical usage. Generally accurate use of simple sentence structures. Some correct use of complex sentence structures. The performance is likely to be patchy and inconsistent. |
| **7-8** | Language generally accurate. Shows a sound grasp of AS and/or A2 structures, as appropriate. Generally correct use of complex structures. Tenses and agreements good, although there may be some inconsistency and errors in more complex areas. |
| **9-10** | Characterised by a high and consistent level of accuracy in use of complex structures, although there may be some errors. |

SPECIMEN

## Section B: Reading and Writing

**In Section B there are 10 marks for Quality of Language (accuracy) Grid C.2**

**Task 3-7: Reading Task**

### નમનની બેકારી

સવાલ ૩ **(6 marks)**

| | | |
|---|---|---|
| i | ખ | 1 |
| Ii | ગ | 1 |
| iii | ક | 1 |
| iv | ગ | 1 |
| v | ક | 1 |
| vi | ખ | 1 |

સવાલ ૪ **(9 marks)**

| | | |
|---|---|---|
| ક | ધંધો | 1 |
| ખ | મેળે | 1 |
| ગ | સ્થાયી | 1 |
| ઘ | ટોચના | 1 |
| ચ | પરણી ગયો | 1 |
| છ | સગવડ | 1 |
| જ | વિશાળ | 1 |
| ઝ | આવક | 1 |
| ટ | કુટુંબ | 1 |

SPECIMEN

**સવાલ ૫ (5 marks)**

| | | |
|---|---|---|
| ક | ઓચિંતી / અચાનક | 1 |
| ખ | નોકરી / કામ | 1 |
| ગ | કાપ | 1 |
| ઘ | પ્રયત્નો | 1 |
| ચ | બોલતોબોલતો | 1 |

**સવાલ ૬ (5 marks)**

| | | |
|---|---|---|
| ક | કે તેને ખોટ આવી | 1 |
| ખ | આપ્યું નહિ | 1 |
| ગ | તેમ ન હતો | 1 |
| ઘ | સ્વપ્ન તૂટી ગયું હતુ | 1 |
| ચ | કારણે નેહાએ ભાઈને ફોન કર્યો | 1 |

**સવાલ ૭ (10 marks)**

| | | |
|---|---|---|
| ક | તે રડી પડ્યો. | 1 |
| ખ | તેમણે નમનને હિંમત આપી<br>નમનને ધંધો કરવા સમજાવ્યો<br>ધંધા માટે પૈસા આપ્યા | 1<br>1<br>1 |
| ગ | બહારનું ભાડું ભરી શકે તેમ ન હતો<br>બંગલો મોટો હતો એટલે જગ્યા હતી. | 1<br>1 |
| ગ | નેહા ખાવા પૂરતાં પૈસા કમાઈ લાવતી | 1 |
| ચ | તેણે શહેરમાં ઓફિસ ખોલી છે **અથવા** ઓફિસમાં સો કામદારો છે. | 1 |
| ચ | બેકાર લોકોને તાલીમ આપે છે<br>તેમને નોકરી - ધંધે લગાડે છે. | 1<br>1 |

SPECIMEN

**Task 8-10: Reading Task**

**ભારતમાં તબીબી સારવાર**

**સવાલ ૮ (10 marks)**

Award **two** marks per translated section according to the first grid below.

| Mark | Grid H.2 Transfer of Meaning – 10 marks AO2 |
|---|---|
| **2** | Accurate transfer of meaning. Faultless or virtually faultless grammar, punctuation and spelling in English. |
| **1** | Inconsistent transfer of meaning. Mostly accurate but there are errors and/or missed details. There are instances of error in grammar, punctuation and spelling in English. |
| **0** | Very limited transfer of meaning. A substantial number of elements misunderstood or missing. Significant error in grammar, punctuation and spelling in English. |

**Notes to Grid H.2**

Exceptional responses and marks to award

1. Candidates may answer in faultless English but may not transfer meaning accurately. Award either 0 or 1 mark, depending on level of inaccuracy in meaning.
2. The transfer of meaning is accurate but contains significant spelling and/or grammar errors. Award 0 or 1 mark, depending on level of inaccuracy of English.

| | Gujarati | English | Reject |
|---|---|---|---|
| 1 | આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે કેનિયાના કોઈ ભાઈ બાયપાસ સર્જરી કરાવવા મુંબઈ ગયા | Very often we hear that some gentleman from Kenya went to India for a by-pass surgery | |
| 2 | કે કોઈ બહેન ઘૂંટણ બદલાવવા બેંગલોર ગયાં. | Or some lady went to Bangalore for a knee replacement. | |
| 3 | આવું સાંભળીને આપણને નવાઈ ઊપજતી નથી. | We are not surprised when we hear such things | |
| 4 | પણ જ્યારે આપણને કોઈ કહે કે બ્રિટનથી કોઈ વ્યક્તિ આંખના ઓપરેશન માટે અમદવાદ ગઈ | But when someone tells us that some person from Britain has travelled to Ahmedabad for an eye operation | |
| 5 | ત્યારે આપણને આશ્ચર્ય થાય છે. | Then we are very surprised. | |

SPECIMEN

**સવાલ ૯ (6 marks)**

| | | |
|---|---|---|
| ક | સ્વસ્થ કરે છે | 1 |
| ખ | સારવાર / ઉપચાર / દવા કરવામાં આવે છે | 1 |
| ગ | ઢીલ થતી | 1 |
| ઘ | રાહ જોવી પડે છે | 1 |
| ચ | ખાનગી સારવાર | 1 |
| છ | બીજા દેશમાં | 1 |

**સવાલ ૧૦ (6 marks)**

| | | |
|---|---|---|
| ક | શરીરની સારવારને લગતી બાબતો | 1 |
| ખ | તેમના ખાસ વિષયમાં ખૂબ હોશિયાર અને અનુભવ પામેલા ડોક્ટરો દ્વારા ઇલાજ | 1 |
| ગ | બીમાર લોકોની જરૂરિયાત વિશે વિચારીને | 1 |
| ઘ | જેની પણ જરૂર પડે તે બધું જ કરી આપે | 1 |
| ચ | સગાંવહાલાં બધી રીતે મદદ પણ કરે | 1 |
| છ | જે હોસ્પીટલોની નામના ખૂબ સારી હોય તેમાં | 1 |

**સવાલ ૧૧ (10 marks)**

| | | |
|---|---|---|
| ક | જો દર્દીનો જીવ જોખમમાં હોય તેમને તરત સારવાર મળે છે. | 1 |
| ખ | ઇંગ્લેન્ડમાં ઘણી વાટ જોવી પડે છે<br>એટલો વખત દર્દી દુખ સહન કરી શકતો નથી. | 1<br>1 |
| ગ | ભારતમાં તબીબી વિજ્ઞાન ખૂબ આગળ વધેલું છે<br>હોશિયાર ડોકટરો મળે છે **અથવા** અનુભવી ડોકટરો મળે છે. | 1<br>1 |
| ઘ | **હોસ્પિટલમાં આધૂનિક સગવડો હોય છે / હોસ્પિટલ આરામદાયક હોય છે**<br>**તેમાં તેમનાં અંગત સગાંને રહેવાની સગવડ હોય છે.** | 1<br>1 |
| ચ | ભારતમા રહેતા તેમના સગાં મદદ કરે છે. | 1 |
| છ | **ઇંગ્લેન્ડની ખાનગી સેવા મોંઘી હોય છે જ્યારે ભારતમાં તે સસ્તી હોય.** | 1 |
| જ | શરીરની તપાસ કરાવે છે. | 1 |

**Section B Total [77]**

SPECIMEN

| GRID C.2 | **QUALITY OF LANGUAGE (ACCURACY)**<br>**10 marks AO3** |
| --- | --- |
| **0-2** | Little evidence of grammatical awareness. Persistent, serious and elementary errors (endings, verb forms, gender of common nouns). Frequent first language interference. |
| **3-4** | Evidence of gaps in basic grammar. Frequent errors of an elementary kind (endings, verb forms, gender of common nouns, adjectival agreements) but evidence of correct use of simple sentence structures. Vocabulary and structures may be quite strongly influenced by the candidate's first language. |
| **5-6** | Shows evidence of fair understanding of grammatical usage. Generally accurate use of simple sentence structures. Some correct use of complex sentence structures. The performance is likely to be patchy and inconsistent. |
| **7-8** | Language generally accurate. Shows a sound grasp of AS and/or A2 structures, as appropriate. Generally correct use of complex structures. Tenses and agreements good, although there may be some inconsistency and errors in more complex areas. |
| **9-10** | Characterised by a high and consistent level of accuracy in use of complex structures, although there may be some errors. |

SPECIMEN

## Section C: Writing

| | | |
|---|---|---|
| | **See Generic Mark Scheme** | |
| | Relevance and points of view<br>Structure and analysis<br>Quality of Language (accuracy)<br>Quality of Language (range) | **[10]**<br>**[15]**<br>**[10]**<br>**[10]** |
| | **Section C Total** | **[45]** |
| | **Paper Total** | **[160]** |

SPECIMEN

| GRID N | RELEVANCE AND POINTS OF VIEW<br>10 marks AO2 |
|---|---|
| **0-2** | The response to the task is likely to be very short and/or irrelevant and/or very superficial. |
| **3-4** | Includes some relevant information but does not always address the requirements of the task. May have some difficulty in expressing points of view and/or narrating events and/or communicating factual information. |
| **5-6** | The information given is mainly relevant to the task. Points of view and opinions are generally supported by some factual evidence. May demonstrate some originality and/or imagination. |
| **7-8** | Relevant information which responds to the requirements of the task and is used to support points of view and opinions. Produces an imaginative and/or original response to the task. |
| **9-10** | Consistently relevant information which supports points of view and opinions. Shows genuine insight in responding to the task. |

| GRID O | STRUCTURE AND ANALYSIS<br>15 marks AO2 |
|---|---|
| **0-3** | Random organisation of the response. Limited attempt to develop an argument, analyse and evaluate, and draw conclusions. |
| **3-5** | Shows some ability to structure and organise the response. Limited ability to develop an argument, analyse and evaluate, and draw conclusions. |
| **6-9** | Structured and organised response. Points of view are mostly linked in a logical sequence. Shows some ability to develop an argument, analyse and evaluate and draw conclusions. |
| **10-12** | Coherently structured and organised response. Points of view are linked in a logical sequence. Able to develop an argument, analyse and evaluate, and draw conclusions. |
| **13-15** | The response displays genuine control and clarity. A very well developed argument. Confident ability to evaluate, analyse and draw conclusions. |

SPECIMEN

| GRID C.2 | QUALITY OF LANGUAGE (ACCURACY) 10 marks AO3 |
|---|---|
| **0-2** | Little evidence of grammatical awareness. Persistent, serious and elementary errors (endings, verb forms, gender of common nouns). Frequent first language interference. |
| **3-4** | Evidence of gaps in basic grammar. Frequent errors of an elementary kind (endings, verb forms, gender of common nouns, adjectival agreements) but evidence of correct use of simple sentence structures. Vocabulary and structures may be quite strongly influenced by the candidate's first language. |
| **5-6** | Shows evidence of fair understanding of grammatical usage. Generally accurate use of simple sentence structures. Some correct use of complex sentence structures. The performance is likely to be patchy and inconsistent. |
| **7-8** | Language generally accurate. Shows a sound grasp of AS and/or A2 structures, as appropriate. Generally correct use of complex structures. Tenses and agreements good, although there may be some inconsistency and errors in more complex areas. |
| **9-10** | Characterised by a high and consistent level of accuracy in use of complex structures, although there may be some errors. |

| GRID F.2 | QUALITY OF LANGUAGE (RANGE) 10 marks AO3 |
|---|---|
| **0-2** | Only simple sentence patterns. Very limited vocabulary. Very limited range of structures. |
| **3-4** | A restricted range of vocabulary and structures. Frequent repetition of the same words and phrases. Some attempt (not necessarily successful) at the use of more complex sentence structures. |
| **5-6** | Attempts to extend the range of vocabulary, though still rather repetitive. Attempts to use more complex language with some success in producing a range of syntax and sentence structures appropriate to the task. |
| **7-8** | Effective use of a range of vocabulary and structures appropriate to the task, with little repetition. A positive attempt to introduce variety and to use a range of complex sentence structures (though not always able to maintain correct usage). |
| **9-10** | Effective and confident use of a wide range of vocabulary and idiom with a variety of complex sentence structures. |

SPECIMEN

**Transcripts of Listening Texts**

## Task 1: Listening Task

**લાખણ ગામમાં પ્રદૂષણ ઓછું કરવાનો સફળ પ્રયોગ.**

નિશાળના આચાર્ય : બાળકો, તમને યાદ હશે કે આપણા ગામ વચ્ચેથી જે મોટો રસ્તો જતો હતો તે આજુબાજુના શહેરોમાંથી આવતાંજતાં વાહનો વાપરતા અને ગામની હવાને ધુમાડાથી ભરી દેતાં. ખટારા, બસો અને ગાડીઓના હોર્નના ઘોંઘાટે ગામની શાંતિ લૂંટી લીધી હતી. મુખ્ય રસ્તાની પાસે વહેતી આપણી નદીમાં મુસાફરો કેટલોયે કચરો ફેંકતા.

તમને યાદ હશે કે બરાબર એક વર્ષ પહેલાં તમે અને સૌ શિક્ષકોએ આ ગામમાં પ્રદૂષણ ઓછું કરવાનું નક્કી કર્યું હતું. મને કહેતાં આનંદ થાય છે કે સૌની મહેનત સફળ થઈ છે. આજે તમે જુઓ છો કે સરકારે ગામની બહાર પાકો રસ્તો બાંધી દીધો છે. વાહનોવાળા એ જ રસ્તો વાપરે છે અને પોતે જ સમજીને વારંવાર હોર્ન વગાડતા નથી. એ ઉપરાંત હવે રિક્ષાનું એન્જિન કેરોસીનને બદલે વીજળીની બેટરીથી ચાલે છે. એમાં ધુમાડો થતો નથી એટલે હવા પણ ચોખ્ખી થઈ છે.

તમે અને તમારાં માતા-પિતા પણ તમારા ઘરને અને આસપાસની જગ્યાને ચોખ્ખી રાખો છો. દરેક ઘરના આંગણામાં સુંદર ફૂલો વાવ્યાં છે એટલે આપણું ગામ ઘણું રળિયામણું લાગે છે.

SPECIMEN

## Task 2: Listening Task

શર્માજી : સૂર્યોદય રેડિયો **પર આજનો વિષય છે - બ્રિટનમાં ભારતીય લોકો માટેના વૃદ્ધાશ્રમો વધી રહ્યા છે એ સારી વાત છે?**

રાણી : નમસ્તે શર્માજી. મારું નામ રાણી ઠક્કર છે. સૂર્યોદય રેડિયોના સૌ શ્રોતાઓને મારા પ્રણામ. આપનો આજનો વિષય બ્રિટનના ભારતીય લોકો માટે ખૂબ મહત્ત્વનો છે એવું મને લાગે છે.

ઘણી વખત આપણે જોઈએ છીએ કે દીકરા - વહુ તેમના વડીલ માતાપિતાને તેમની સાથે રાખવા ન માગતા હોય અને માતાપિતા તંદુરસ્ત હોવાં છતાં જુદા મકાનમાં એકલાં રહેવાં ન ઇચ્છતાં હોય ત્યારે તેઓને વૃદ્ધાશ્રમમાં રહેવાની ફરજ પડે છે. હા, એ સાચું છે કે વૃદ્ધાશ્રમમાં રહેતા આપણાં માતાપિતાઓને બપોરે અને સાંજે ગરમ જમવાનું મળે છે; તેમને તેમની ઉંમરના ઘણા ભારતીય મિત્રો મળી રહે છે; તેમને બહાર ફરવા કે ખરીદી કરવા જવાની સ્વતંત્રતા હોય છે અને કોઈ ભાગ્યશાળીને આશ્રમના કામદારો પાસેથી પ્રેમ પણ મળે છે. તેમ છતાં તેમને કંઈ ખાસ ખાવાનું મન થાય ત્યારે એ વાનગી કોણ પકાવી આપશે? તેમને પ્રેમથી ‘બા - બાપુજી’ કહીને કોણ બોલાવશે? કોઈ દિવસ એ વડીલોની આંખોમા આંખો પરોવીને જોશું તો એ તેજ વગરની આંખોમાં દુખના ભાવ દેખાશે. જાણે એ વડીલો એમ ક્હેતાં હોય કે જેને તેઓ પોતાના ગણતા હતા તે જ લોકોએ તેમને દૂર ફગાવી દીધા.

મારા ઘરમાં વડીલ સાસુ - સસરા છે. એ જો મારી સાથે ન રહેતા હોત તો હું કામમાં કેટલી તણાઈ જાત. તેઓ ઘરડાં થયાં છે તો પણ તેઓ તેમનાથી થઈ શકે એવાં નાનાં નાનાં કામ આનંદથી કરતાં હોય છે. શાકભાજી સમારવાનું, વાસણ લૂંછવાનું કે કપડાં સંકેલવાનું કામ મને ક્યારેક જ કરવું પડે છે. અમે કામે ગયા હોઈએ ત્યારે મને ઘરની જરા પણ ચિંતા થતી નથી. એ બધાંથી વધારે તો તેઓ મારાં બન્ને બાળકોની સુંદર રીતે સંભાળ રાખે છે, તેમને આપણાં રીત - રિવાજ સમજાવે છે અને મહાન પુરુષોની અને ધર્મની વાતો કહી ગુણવાન બનાવે છે તે મારે મન ખૂબ મોટી વાત છે.

વડીલોને લીધે અમારે ત્યાં સગાંસંબંધીઓની આવજાવ ચાલુ જ રહે છે. એ કારણે અમારું ઘર હંમેશાં ભર્યું ભર્યું અને આનંદમય લાગે છે. બાળકો પણ સૌને જાણતાં થયાં છે એટલે તેઓ ક્યારેય, ક્યાંય પણ એકલાં પડી જતાં નથી. સ્વાદિષ્ટ રસોઈ બનાવવાનું અને વ્યવહાર સાચવવાનું મારાં સાસુએ જ મને શીખવ્યું છે. પોતાના જ ઘરમાં માતાપિતાની સંભાળ લઈ શકાય છે તેથી મારા પતિને પણ સંતોષ થાય છે.

હા, એ વાત બરાબર છે કે જેનું કોઈ ન હોય અથવા જેને ડોક્ટરી સારવારની જરૂર હોય તેને વૃદ્ધાશ્રમ કે નર્સિંગહોમમાં રાખવાનું જરૂરી બને જ. એ સિવાય તો ઘરના વડીલ આપણને જેટલું આપે છે એની સામે તેમના માટે ગરમ રોટલો ઘડી આપવો કે તેમની સાથે પ્રેમથી વાત કરી તેમના પગ દબાવી આપવા એ કંઈ જ નથી!

SPECIMEN

**BLANK PAGE**

SPECIMEN